| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024

## PART - 2 (BOM)

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
BOM
PAPER-2
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે.</u> પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) નીચેનામાંથી કયુ કૌશલ્ય માઇક્રોટીચિંગ અધ્યાપનનું કૌશલ્ય નથી ?

(A) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય
(B) ભાન-અભાનતા કૌશલ્ય
(C) સુદૃઢીકરણ કૌશલ્ય
(D) કા.પા. કાર્ય કૌશલ્ય

(2) વિદ્યાર્થીઓ વર્ગની પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ પ્રમાણમાં ભાગ લે તે માટે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થાય તેવા વર્તનો કરવાનું કૌશલ્ય એટલે...

(A) કા.પા. કાર્ય કૌશલ્ય
(B) વિષયાભિમુખ કૌશલ્ય
(C) સુદૃઢીકરણ કૌશલ્ય
(D) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય

(3) નીચેનામાંથી બજાર-સંચાલનનું કાર્ય કયુ છે ?

(A) આવકની ફાળવણી
(B) ઉત્પાદન
(C) પેદાશ મિશ્ર
(D) નાણાનો ઉપયોગ

(4) નીચેના પૈકી કયું કાર્ય સંચાલનની તળ સપાટીનું નથી ?

(A) યંત્ર સાધનોની ખરીદી
(B) રોજીંદા કાર્યનું આયોજન
(C) કામદારોના કાર્યનું નિરીક્ષણ
(D) કર્મચારીની બદલી - બઢતી

(5) વૈજ્ઞાનિક સંચાલન વિચાર-ધારાના પ્રણેતા / પિતા કોણ છે ?

(A) લ્યુથર ગ્યુલિક
(B) ફ્રેડરિક ટેલર
(C) હેનરી ફેયોલ
(D) પીટર એફ. ડ્રકર

(6) "તમે તમારા માણસને સાચવો તમારા માણસો તમારું બાકીનું બધું જ સાચવી લેશે" આ વિધાન કોણે કહ્યું હતું ?

(A) પ્રો. ઊર્વિક
(B) એફ. ડબલ્યુ ટેલર
(C) પીટર એફ. ડ્રકર
(D) આર્ગરિસ

(7) સંચાલનનું સર્વ પ્રથમ કાર્ય જણાવો.

(A) વ્યવસ્થાતંત્ર
(B) આયોજન
(C) દોરવણી
(D) અંકુશ

(8) આયોજનમાં નક્કી કરેલ ધ્યેયને પાર પાડવા સંચાલકો જે નિર્ણયો અને વ્યૂહરચના નક્કી કરે તેને શું કહેવાય ?

(A) કાર્યક્રમ
(B) નીતિ
(C) નિયમો
(D) અંદાજપત્ર

(9) ભારતમાં આયોજનનું મહત્ત્વ સ્વીકારીને કેન્દ્ર સરકારે કોની રચના કરી છે ?

(A) કૃષિ આયોગ
(B) ગ્રામ પંચાયત આયોગ
(C) નીતિ આયોગ
(D) શિક્ષણ આયોગ

(10) માનવ સંબંધોને આધારે કુદરતી રીતે રચાયેલું માનવ સંબંધોનું જાળુ કયા નામે ઓળખાય છે.

(A) અવૈધિક વ્યવસ્થાતંત્ર
(B) રૈખિક વ્યવસ્થાતંત્ર
(C) વૈધિક વ્યવસ્થાતંત્ર
(D) શ્રેણિક વ્યવસ્થાતંત્ર

(11) કયા વ્યવસ્થાતંત્રને લશ્કરી વ્યવસ્થાતંત્ર કહે છે ?

(A) અવૈધિક
(B) શ્રેણિક
(C) કાર્યાનુસાર
(D) રૈખિક

(12) "સત્તાની સોંપણી એ અન્ય વ્યક્તિને સત્તા અને જવાબદારી સોંપી અસરકારક દેખાય માટે ઉત્તરદાયિત્વની સ્થાપના કરે છે." – આ મંતવ્ય કોનું છે ?

(A) લૂઈસ એલન
(B) ચેસ્ટર બર્નાડ
(C) હેનરી ફેયોલ
(D) ડૉ. જી. આર. ટેરી

(13) માનવ સંસાધન સંચાલનનું મુખ્ય કાર્ય કયું છે ?

(A) વેચાણ - વૃધ્ધિ
(B) ગુણવત્તા અંકુશ
(C) ઉત્પાદન
(D) કર્મચારી આયોજન

(14) ઉમેદવારનો સ્વભાવ અને આત્મવિશ્વાસ જાણવા કઈ કસોટી લેવાય ?

(A) બુધ્ધિ કસોટી
(B) ધંધાકીય કસોટી
(C) અભિરુચિ કસોટી
(D) મનોવૈજ્ઞાનિક કસોટી

(15) તાલીમ એ કેવી પ્રક્રિયા છે ?

(A) કામચલાઉ
(B) સતત
(C) ટૂંકાગાળાની
(D) લાંબાગાળાની

(16) પ્રતિક્ષા યાદી પ્રમાણે ભરતી કરવી હોય તો ઉમેદવારની કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?

(A) ઉંમર
(B) અનુભવ
(C) ક્રમ
(D) શૈક્ષણિક લાયકાત

(17) માસ્લોની જરૂરિયાતોના અગ્રતાક્રમ અનુસાર પહેલી જરૂરિયાત કઈ છે ?

(A) શારીરિક જરૂરિયાતો
(B) સલામતીની જરૂરિયાતો
(C) સામાજિક જરૂરિયાતો
(D) પ્રતિષ્ઠાની જરૂરિયાતો

(18) નેતૃત્વના અમલ માટે શાનું અસ્તિત્વ જરૂરી છે ?

(A) નિયોજકો
(B) નિરીક્ષકો
(C) સંચાલકો
(D) તાબેદારો

(19) અવૈધિક માહિતી સંચાર મોટા ભાગે કયા સ્વરૂપે થાય છે ?

(A) મૌખિક
(B) લેખિત
(C) લેખિત અને મૌખિક
(D) ઔપચારિક

(20) વિચલનોની જાણકારી મેળવ્યા પછી સંચાલકો તેને દૂર કરવા કેવા ઉપાયો હાથ ધરે છે ?

(A) તાલીમ આપવી
(B) નિષ્ણાંતોની નિમણૂક કરવી
(C) સુધારાલક્ષી પગલાં લેવા
(D) કર્મચારીઓને છૂટા કરવા

(21) અંકુશ પ્રક્રિયાની શરૂઆત કયા તબક્કાથી થાય છે ?

(A) માહિતીનું સંપાદન
(B) હેતુની સ્પષ્ટતા
(C) ધોરણોની સ્થાપના
(D) નીતિનું ઘડતર

(22) અંકુશ એ કેવી પ્રક્રિયા નથી ?

(A) જડ
(B) સતત
(C) આંતરિક
(D) ગતિશીલ

(23) ડિવિડન્ડ કઈ મૂડી પર ચૂકવાય છે ?

(A) ભરપાઈ થયેલી મૂડી
(B) મંગાવેલી મૂડી
(C) અધિકૃત મૂડી
(D) કાર્યશીલ મૂડી

(24) વિદેશી રોકાણ સંસ્થાએ તેની નોંધણી કોની સમક્ષ કરાવવી પડે છે ?

(A) કંપની રજીસ્ટ્રાર
(B) શેર બજાર
(C) અદાલત
(D) સેબી

(25) ચાલુ જવાબદારીઓ કરતા ચાલુ મિલકતોનો વધારો એટલે...

(A) હકારાત્મક કાર્યશીલ મૂડી
(B) સરભર કાર્યશીલ મૂડી
(C) નકારાત્મક કાર્યશીલ મૂડી
(D) કુલ કાર્યશીલ મૂડી

(26) સંપત્તિના મહત્તમીકરણનું ધોરણ કયા ખ્યાલ ઉપર આધારિત છે ?

(A) નફાકારકતા
(B) સામાજિક જવાબદારી
(C) રોકડ પ્રવાહ
(D) સંપત્તિના કુલ વર્તમાન મૂલ્ય

(27) ટ્રેઝરી બિલ ભારત સરકાર વતી કોણ બહાર પાડે છે ?

(A) સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા
(B) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા
(C) સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
(D) નાણાકીય સંસ્થાઓ

(28) ડિપોઝીટરી ધારો કયા વર્ષે અમલમાં આવ્યો ?

(A) 1912
(B) 1992
(C) 1995
(D) 1996

(29) સેબી (SEBI) કયા કાયદાથી અસ્તિત્વમાં આવી ?

(A) કંપની ધારો
(B) જામીનગીરી કરાર (નિયમન) ધારો
(C) નેશનલ કંપની ધારો
(D) સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ધારો (SEBI Act)

(30) બ્રાન્ડિંગનો મુખ્ય ઉદેશ કયો છે ?

(A) હરીફોને પેદાશથી પોતાની પેદાશ અલગ બનાવવાનો
(B) પેદાશ વધુ ટકાઉ બનાવવાનો
(C) પેદાશ કાયદા મુજબ બનાવવાનો
(D) પેદાશની જાહેરાત કરવાનો

(31) વધુ પડતા જાહેરાત ખર્ચને કારણે શું થાય છે ?

(A) પેદાશની કિંમતમાં વધારો થાય છે.
(B) પેદાશ વધુ ગુણવત્તાવાળી બને છે.
(C) પેદાશ વધુ આકર્ષક બને છે.
(D) પેદાશ બધે જ પ્રાપ્ય થાય છે.

(32) બજારીય સંચાલનમાં માર્કેટીંગ મિશ્ર એટલે શું ?

(A) પેદાશ, ઉત્પાદન, વિતરણ અને કિંમત
(B) પેદાશ, કિંમત, અભિવૃદ્ધિ અને વિતરણ
(C) પેદાશ, હરીફો, સરકાર અને અન્ય
(D) પેદાશ, વાહનવ્યવહાર, બજાર અને ગ્રાહક

(33) કઈ ગ્રાહક સુરક્ષાની સંસ્થાની સ્થાપના સાથે અમદાવાદ સંકળાયેલું છે ?

(A) કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર
(B) કન્ઝ્યુમર ગાઈડન્સ સોસાયટી ઓફ ઇન્ડિયા
(C) કન્ઝ્યુમર યુનિટી અને ટ્રસ્ટ સોસાયટી
(D) કન્ઝ્યુમર કો-ઓર્ડિનેશન કાઉન્સિલ

(34) જાહેર હિતની અરજી કઈ કોર્ટમાં થઈ શકે ?

(A) જિલ્લા
(B) ફોજદારી
(C) સુપ્રીમ કોર્ટ
(D) દિવાની

(35) ગ્રાહક સુરક્ષા કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1956
(B) 1932
(C) 1986
(D) 2015

(36) કઈ સંસ્થા ગ્રાહક સુરક્ષા માટે ભારતમાં કાર્ય કરતી સંસ્થાઓના સંકલનનું કામ કરે છે ?

(A) કન્ઝ્યુમર પ્રોટેકશન કાઉન્સિલ
(B) કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રીસર્ચ કાઉન્સિલ
(C) કન્ઝ્યુમર કો-ઓર્ડિનેશન કાઉન્સિલ
(D) કન્ઝ્યુમર યુનિટી એન્ડ ટ્રસ્ટ સોસાયટી

(37) વિદેશી હૂંડિયામણ માટે ભારતમાં હાલ કયો કાયદો અસ્તિત્વમાં છે ?

(A) FERA
(B) FECA
(C) FESA
(D) FEMA

(38) ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની શરૂઆત કયા વર્ષથી થઈ ?

(A) 1951
(B) 1991
(C) 2001
(D) 2011

(39) પ્રમાણભૂત વજન અને માપધારો કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો ?

(A) 1951
(B) 1955
(C) 1976
(D) 1986

(40) આર્થિક પ્રવૃત્તિનો હેતુ કયો હોય છે ?

(A) સેવા
(B) નાણાકીય વળતર
(C) સંવેદના
(D) પ્રેમ

(41) કુદરતી સંપત્તિમાં તુષ્ટિગુણનો ઉમેરો કરી ઉત્પાદન કરવું એટલે શું ?

(A) વાણિજ્ય
(B) સહાયક સેવાઓ
(C) વેપાર
(D) ઉદ્યોગ

(42) સરકારી કર્મચારી તેના શ્રમના બદલામાં વેતન મેળવે તે કયા પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કહેવાય ?

(A) રોજગાર
(B) ધંધો
(C) વ્યવસાય
(D) વાણિજ્ય

(43) સામાન્ય વીમાનો કયો પ્રકાર સૌથી જૂનો અને સર્વવ્યાપી છે ?

(A) માલ હેરફેરનો વીમો
(B) દરિયાઈ વીમો
(C) હવાઈ વીમો
(D) રેલ્વે / રસ્તા વીમો

(44) વિદેશી વીમા કંપનીઓ ભારતીય વીમા કંપનીમાં સીધે સીધું કેટલું રોકાણ કરી શકે છે ?

(A) 25 %
(B) 75 %
(C) 49 %
(D) 100 %

(45) કયા પ્રકારના ખાતામાં જમા રકમ પર વ્યાજ આપવામાં આવતું નથી ?

(A) બચત ખાતું (B) ચાલુ ખાતું

(C) રીકરિંગ ખાતું (D) બાંધી મુદતનું ખાતું

(46) થાપણના કયા ખાતા પર બેન્ક સૌથી વધુ વ્યાજ આપે છે ?

(A) ચાલુ ખાતું (B) બાંધી મુદતનું ખાતું

(C) રીકરિંગ ખાતું (D) બચત ખાતું

(47) રેલવેની ટીકિટ દેશભરમાં કોઈપણ સ્થળેથી મેળવી શકાય તેને કયા પ્રકારનું નેટવર્ક કહે છે ?

(A) એન્ટરપ્રાઈઝ વેન (B) LAN

(C) MAN (D) CAN

(48) અન્ય વ્યક્તિના મનમાં જરૂરી સમજ ઉત્પન્ન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને શું કહેવાય ?

(A) ઈ-મેઈલ (B) ઈ-કોમર્સ

(C) માહિતી સંચાર (D) સંદેશો

(49) વીજાણું યંત્રો અને માધ્યમોની મદદથી થતા વાણિજ્યના વિનિમય અને વિતરણને શું કહેવાય ?

(A) ઈન્ટ્રાનેટ (B) ઈ-કોમર્સ

(C) ઈ-મેઈલ (D) ઈન્ટરનેટ

(50) કયા સ્વરૂપમાં માલિક, સ્થાપક અને સંચાલક એક જ હોય છે ?

(A) સંયુક્ત સાહસ (B) સરકારી કંપની

(C) સહકારી મંડળી (D) વૈયક્તિક માલિકી

(51) હિન્દુ અવિંભક્ત કુટુંબની પેઢીનું સંચાલન કોના દ્વારા થાય છે ?

(A) માલિક (B) કર્તા

(C) મેનેજર (D) ભાગીદાર

(52) ભાગીદારી પેઢીમાં હાલમાં વધુમાં વધુ કેટલા ભાગીદારો હોય છે ?

(A) 20 (B) 15

(C) 30 (D) 50

(53) સહકારી મંડળીને શાની તાલીમ શાળા કહેવામાં આવે છે ?

(A) લોકશાહીની (B) સમૃદ્ધિની

(C) સરમુખત્યારશાહીની (D) સેવાની

(54) કંપની સ્વરૂપનું મહત્ત્વનું લક્ષણ કયું છે ?

(A) વિશાળ પાયા પર મૂડી
(B) કાયમી અસ્તિત્વ
(C) કાયદેસરનું વ્યક્તિત્વ
(D) શેરની સરળ ફેરબદલી

(55) નીચેનામાંથી કયા સ્વરૂપના કર્મચારીઓને સરકારી કર્મચારીઓના નિયમો લાગુ પડે છે ?

(A) ખાતાકીય સંચાલન
(B) જાહેર નિગમ
(C) સરકારી કંપની
(D) ખાનગી કંપની

(56) કયુ ધંધાકીય સ્વરૂપ સૌથી જૂનું ગણાય છે ?

(A) જાહેર સાહસો
(B) ખાનગી સાહસો
(C) વૈશ્વિક સાહસો
(D) જાહેર - ખાનગી ભાગીદારી

(57) કંપનીના સાચા માલિકો કોણ કહેવાય ?

(A) ઈક્વિટી શેર હોલ્ડર
(B) પ્રેફરન્સ શેર હોલ્ડર
(C) ડિબેન્ચર હોલ્ડર
(D) બોન્ડ હોલ્ડર

(58) ડિબેન્ચર હોલ્ડરો એ કંપની માટે શું કહેવાય ?

(A) માલિકો
(B) દેવાદારો
(C) લેણદારો
(D) પ્રવર્તકો

(59) કોઈ ચોક્કસ બ્રાન્ડ કે ટ્રેડમાર્ક ધરાવતી કંપની સાથે કરાર કરીને તે જ કંપનીની વસ્તુઓ વેચવાની કે બનાવીને વેચવાની દુકાન એટલે...

(A) ફ્રેન્ચાઈઝ
(B) સુપર માર્કેટ
(C) શોપિંગ મોલ
(D) સંકળાયેલી દુકાન

(60) ટેલિમાર્કેટિંગ દ્વારા ગ્રાહકોને શા માટે વાજબી ભાવે વસ્તુ કે સેવા પૂરી પાડી શકાય છે ?

(A) ગ્રાહકો મોટી સંખ્યામાં હોવાથી
(B) સેવાનો હેતુ હોવાથી
(C) જથ્થાબંધ વેચાણ થતું હોવાથી
(D) મધ્યસ્થીઓ ન હોવાથી

(61) નિકાસકારને બિલ ઓફ લેડિંગ કોણ આપે છે ?

(A) વીમા કંપની
(B) જહાજી કંપની
(C) જહાજનો કપ્તાન
(D) બેન્ક

(62) જહાજી કંપની અને નિકાસકાર વચ્ચે આખું જહાજ ભાડે રાખવા માટે જે કરાર થાય છે તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ઈન્ડેન્ટ કરાર
(B) શાખાનો કરાર
(C) ચાર્ટર પાર્ટી કરાર
(D) નિકાસ કરાર

(63) કંપનીધારા - 2013 ની જોગવાઈ મુજબ કંપનીએ સામાજિક જવાબદારી પેટે કેટલો ખર્ચ કરવો ફરજિયાત છે ?

(A) અગાઉના ત્રણ વર્ષના સરેરાશ વાર્ષિક નફાના ઓછામાં ઓછા 2 %

(B) સરેરાશ વાર્ષિક નફાના ઓછામાં ઓછા 5 %

(C) અગાઉના ત્રણ વર્ષના સરેરાશ વાર્ષિક નફાના વધુમાં વધુ 2 %

(D) સરેરાશ વાર્ષિક નફાના વધુમાં વધુ 5 %

(64) સામાજિક જવાબદારીનો ખ્યાલ કંપની ધારા વર્ષ 2013 ની કઈ કલમ મુજબ ફરજિયાત બનાવેલ છે ?

(A) 143 (B) 153

(C) 135 (D) 137

(65) પ્રમાણિકતાપૂર્વક કરવેરા ભરવા એ ધંધાની કઈ સામાજિક જવાબદારી છે ?

(A) સમાજ પ્રત્યેની (B) ગ્રાહક પ્રત્યેની

(C) કર્મચારી પ્રત્યેની (D) સરકાર પ્રત્યેની

(66) વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના સમયે કેટલા દેશોએ સંગઠનના સમર્થનમાં હસ્તાક્ષર કર્તા હતા ?

(A) 108 (B) 107

(C) 104 (D) 105

(67) કંપની તેના સંચાલકો અને કંપનીમાં કામ કરતી વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓને તથા કર્મચારીઓને વટાવથી અથવા રોકડ સિવાયના અવેજથી જે શેર ફાળવે છે તેને કયા શેર કહે છે ?

(A) પ્રેફરન્સ શેર (B) ઇક્વિટી શેર

(C) સ્વેટ ઇક્વિટી શેર (D) ડિબેંચર

(68) સંસદ કે વિધાનસભાના ખાસ કાયદા દ્વારા અસ્તિત્વમાં આવેલ એકમને શું કહેવામાં આવે છે ?

(A) સહકારી મંડળી (B) જાહેર નિગમ

(C) કંપની (D) સરકારી કંપની

(69) કંપનીનું સંચાલન કોણ કરે છે ?

(A) મેનેજર (B) ડિરેક્ટર

(C) બોર્ડ ઓફ ડિરેક્ટર (D) ચેરમેન

(70) આયાતકાર ઓર્ડરમાં જે વિગતો દર્શાવે છે તે પત્રને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) Indent (B) Input

(C) L / C (D) OGL

(71) કયા પ્રકારના પાઠમાં જુદા જુદા કૌશલ્યનો ઉપયોગ કરી તેનો શીખવવાનો સમય માઇક્રોટીચિંગ કરતા વધુ અને છૂટા પાઠ કરતા ઓછો હોય છે ?

(A) સેતુ પાઠ
(B) વાર્ષિક પાઠ
(C) એકમ પાઠ
(D) માઇક્રો પાઠ

(72) એકમ પાઠ આયોજનમાં

(A) એક સૂત્રતા જાળવાતી નથી.
(B) અનુપંચ સર્જાતો નથી.
(C) નિદાન-ઉપચાર કાર્ય કરવાની તક મળે છે.
(D) પાઠની શરૂઆતમાં પુનરાવર્તન કરવું પડે છે.

(73) શિક્ષણકેન્દ્રી એકધૃવિ પ્રક્રિયાની આ પદ્ધતિ છે.

(A) કથન પદ્ધતિ
(B) નિદર્શન પદ્ધતિ
(C) સ્વાધ્યાય પદ્ધતિ
(D) પ્રશ્નોત્તરી પદ્ધતિ

(74) વિદ્યાર્થીઓ જૂથમાં રહી, સહકારની ભાવના સાથે શિક્ષણ આપવા માટેની, વિદ્યાર્થીને સતત પ્રવૃત્તિશીલ રાખે અને જવાબદારીથી કામ કરવાની ટેવ કેળવવા માટેની ખૂબ મહત્ત્વની પદ્ધતિ.

(A) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(B) સ્વાધ્યાય પદ્ધતિ
(C) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ
(D) પ્રોજેક્ટ પદ્ધતિ

(75) વિદ્યાર્થીમાં સ્વઅધ્યયનની ટેવ રૂચિ અને જરૂરીયાત પ્રમાણે જ્ઞાન મેળવવાની તક આપતી, ફુરસદના સમયનો સદ્ઉપયોગ કરવાની ટેવ વિકસાવતી પદ્ધતિ એટલે...

(A) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(B) સ્વાધ્યાય પદ્ધતિ
(C) પ્રોજેક્ટ પદ્ધતિ
(D) કથન પદ્ધતિ

(76) કઈ પદ્ધતિમાં સમસ્યાનો વર્ગખંડમાં રહીને વૈજ્ઞાનિક ઢબે ઉકેલ શોધવામાં આવે અને માનસિક કાર્ય પર વધુ ભાર મૂકવામાં આવે છે ?

(A) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(B) ચર્ચા પદ્ધતિ
(C) સ્વાધ્યાય પદ્ધતિ
(D) પ્રોજેક્ટ પદ્ધતિ

(77) સ્વાધ્યાય પદ્ધતિનું જ એક પ્રકારનું વિકસિત સ્વરૂપ એટલે...

(A) નિદર્શન પદ્ધતિ
(B) પ્રશ્નોત્તરી પદ્ધતિ
(C) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ
(D) કથન-ચર્ચા પદ્ધતિ

(78) કઈ બાબતનો સમાવેશ પ્રશ્ન પૂછવાની કળામાં થતો નથી ?

(A) પ્રશ્નોની ક્રમિકતા સાચવવી
(B) ખોટા પ્રકારના પ્રશ્નો ન પૂછવા
(C) પ્રશ્નોનું વારંવાર પુનરાવર્તન ન કરવું
(D) સંદિગ્ધ પ્રશ્નો પૂછવા

(79) દશ્ય-શ્રાવ્ય સાધનોમાં કયા સાધનો દષ્ટિ ગમ્ય સાધનો છે?

(A) રેડિયો (B) ગ્રામોફોન

(C) ટેપરેકોર્ડર (D) ચિત્રો, આકૃતિઓ, નકશા, ચાર્ટ

(80) વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવા અનિચ્છનીય વર્તનોમાં નીચેનામાંથી કયું વર્તન સાતત્ય ભંગનું વર્તન નથી?

(A) વિચારોની ક્રમિકતાનો ભંગ કરવો.

(B) માહિતીની ક્રિમિકતાનો ભંગ કરવો.

(C) વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવો.

(D) વિષયાંગને ધ્યાનમાં રાખવા સિવાય કરેલ અસંબંધિત વિધાન કે પૂછેલા પ્રશ્નો.

(81) માઇક્રોટીચીંગ પ્રશિક્ષણમાં ચોથું સોપાન કયું છે?

(A) શિક્ષણ (B) પુનઃ શિક્ષણ

(C) પ્રતિપોષણ (D) પુનઃ આયોજન

(82) નકારાત્મક અશાબ્દિક સુદઢક કયું ગણાવી શકાય.

(A) હાથ પછાડી વિદ્યાર્થીને બેસાડી દેવો.

(B) શિક્ષક વિદ્યાર્થી સામે સ્મિત કરે છે.

(C) શિક્ષક આશ્ચર્ય ચકિત થાય છે.

(D) શિક્ષક વિદ્યાર્થીની પીઠ થાબડે છે.

(83) શિક્ષકને વધુ અસરકારક બનાવવા ઉપયોગમાં લેવામાં આવતા દશ્ય સાધનો નીચેનામાંથી કયા નથી?

(A) ચલચિત્રો (B) ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટર

(C) ટેપરેકોર્ડર (D) મોડેલો

(84) નીચેનામાંથી કયો મુદ્દો એકમ પાઠ આયોજનો ભાગ નથી?

(A) એકમ આયોજન 4 થી 6 તાસનું હોય છે.

(B) શૈક્ષણિક સાધનોના ઉપયોગને મર્યાદિત અવકાશ છે.

(C) ત્રણ કે ચાર તાસનું સળંગ આયોજન થતું હોવાથી મહેનત ખૂબ ઓછી પડે છે.

(D) અસરકારક વર્ગ વ્યવહાર અને સંબંધો કેળવી શાકય છે.

(85) કયા બંને વિષયોનો અનુબંધ માનવીના આર્થિક પાસા સાથે સંકળાયેલી બાબતોનો અભ્યાસ કરે છે.

(A) વાણિજ્ય અને નામુ

(B) વાણિજ્ય અને અર્થશાસ્ત્ર

(C) વાણિજ્ય અને બેંકિંગ

(D) વાણિજ્ય અને સેક્રેટરીયલ પ્રેક્ટિસ

(86) વાણિજ્ય એટલે...

(A) વેપાર

(B) વેપારને મદદ કરતી સેવાઓ

(C) વેપાર ઉપરાંત વેપારને સહાયક અન્ય સેવાઓનો સમૂહ

(D) ચીજવસ્તુનો વિનિમય

(87) વર્ગખંડમાં નબળા જણાતા વિદ્યાર્થીઓને શોધી કાઢવા અને કસોટી લેવાની જાણ કર્યા વગર પૂરતો સમય આપીને લેવામાં આવતી કસોટી એટલે...

(A) નિદાન કસોટી
(B) ઉપચાર કસોટી
(C) એકમ કસોટી
(D) સિધ્ધિ કસોટી

(88) ત્રિપરિમાણદર્શક સારણીના આધારે પ્રશ્નપત્ર સંરચનામાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી.

(A) વિષયવસ્તુના મુદ્દાઓ પરનો ગુણભાર

(B) વિષય પરનો ગુણભાર

(C) પ્રશ્ન સ્વરૂપ પરનો ગુણભાર

(D) હેતુઓ પરનો ગુણભાર

(89) "વિદ્યાર્થી વાણિજ્યનું જ્ઞાન મેળવે" તે કયા સામાન્ય હેતુનો વિશિષ્ટ હેતુ ગણાય ?

(A) સમજ
(B) ઉપયોજન
(C) કૌશલ્ય
(D) જ્ઞાન પ્રાપ્તિ

(90) "વાણિજ્યના દસ્તાવેજો, નમૂના ફોર્મ તૈયાર કરી શકે" એ કયા સામાન્ય હેતુનો વિશિષ્ટ હેતુ ગણાય ?

(A) કૌશલ્ય
(B) જ્ઞાન
(C) ઉપયોજન
(D) સમજ

(91) માપન એ શું નથી ?

(A) સ્થિર છે.

(B) સમજવામાં સરળ છે.

(C) માપનમાં સરવાળા બાદબાકી કરી શકાય છે.

(D) સતત પ્રક્રિયા છે.

(92) કયો પ્રશ્ન નિબંધ પ્રકારનો પ્રશ્ન થશે ?

(A) વિચાર-વિસ્તાર લખો.
(B) કારણ આપો.
(C) ટૂંકમાં લખો.
(D) ચાર અસરો જણાવો.

(93) નિબંધ પ્રકારના પ્રશ્નના મહત્વ સાથે નીચેનામાંથી કઈ બાબત બંધબેસતી નથી ?

(A) વસ્તુલક્ષી પ્રશ્નોમાં થતી ગેરરીતિઓની શક્યતાઓ આ પ્રકારના પ્રશ્નોમાં ઘટી જાય છે.

(B) ઉચ્ચ માનસિક શક્તિઓનું માપન શક્ય બને છે.

(C) વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે યોગ્ય વિચારોની પસંદગી કરીને લખી શકે છે.

(D) આ પ્રકારના પ્રશ્નોનું ગુણાંકન વધુ વિશ્વસનીય હોય છે.

(94) નવી ઘટનાને પૂર્વાનુભવ સાથે સાંકળી નવી ઘટના અંગે ખૂટતી કડીઓ જોડવી એટલે...

(A) ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય
(B) સ્પષ્ટીકરણ કૌશલ્ય
(C) ઉદાહરણ કૌશલ્ય
(D) કા. પા. કૌશલ્ય

(95) વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ ઉદાહરણો રજૂ કરવામાં આવે તે પરથી નિયમની તારવણી કરવી – આ અભિગમ એટલે...

(A) નિગમન અભિગમ
(B) પૃથક્કરણ અભિગમ
(C) આગમન અભિગમ
(D) સંયોગીકરણ અભિગમ

(96) નીચેનામાંથી કયું સાધન દશ્ય-શ્રાવ્ય છે ?

(A) ગ્રામોફોન
(B) ટેલિવિઝન
(C) ફિલ્મ સ્ટ્રીપ
(D) ટેપરેકોર્ડર

(97) પાઠ આયોજન પૂર્વેની આવશ્યક બાબતોમાં સમાવેશ ન થાય તેવી બાબત કઈ ?

(A) વિષયનિપુણતા
(B) શિક્ષણ પદ્ધતિની જાણકારી
(C) શાળા ભાવાવરણની જાણકારી
(D) શૈક્ષણિક મનોવિજ્ઞાનની જાણકારી

(98) નીચેના લક્ષણોમાંથી સારા પાઠ્યપુસ્તકના બાહ્ય લક્ષણમાંનું એક છે.

(A) વિષયવસ્તુની રજૂઆત
(B) સ્વાધ્યાય
(C) આકૃતિ, નમૂનાઓની રજૂઆત
(D) પાનાની સંખ્યા

(99) "નીચેનામાં યોગ્ય ઉત્તર વડે ખાલી જગ્યા પૂરો." – આ સૂચના કયા પ્રકારના પ્રશ્નમાં આપવામાં આવે છે ?

(A) નિબંધ પ્રકારના પ્રશ્નો
(B) અનાત્મલક્ષી પ્રશ્નો
(C) લઘુજવાબી પ્રશ્નો
(D) ટૂંક જવાબી પ્રશ્નો

(100) ત્રિપરિમાણદર્શક સારણીના આધારે પ્રશ્નપત્રની સંરચનામાં કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(A) હેતુઓ પ્રમાણે ગુણભાર
(B) વિષયના વિવિધ મુદ્દા અનુસાર
(C) પ્રશ્નો પ્રમાણે ગુણભાર
(D) વિષય પ્રમાણે ગુણભાર

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

રફ કામ માટેનું પેઈજ

PAPER-2

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.